# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર
### -: નોટીસ :-

**સેલ્ફફાયનાન્સ (સ્વનિર્ભર) અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેની ફી સ્ટુડન્ટશીપ સ્કોલરશીપ**
**વર્ષ: ૨૦૨૧-૨૨**

સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં પ્રથમ અને તૃતીય સેમેસ્ટરમાં માત્ર સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસેથી સેલ્ફ ફાયનાન્સ ફી સ્ટુડન્ટશીપ સ્કોલરશીપ વર્ષ ૨૦૨૧-૨૨ માટે નિયતપત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે. અરજીપત્રક યુનિવર્સિટી કાર્યાલયના સ્ટોર વિભાગ (રૂમ નંબર ૧૦૮) માંથી **તારીખ: ૦૯/૦૨/૨૦૨૨ થી રૂ. ૨૫/- રોકડા ચૂકવીને મેળવવું** અને જરૂરી વિગતો ભરીને પોતાના વિભાગના વડાશ્રીના સહી સિક્કા કરાવીને જરૂરી બિડાણો સાથે સ્કોલરશીપ વિભાગ (રૂમ નંબર ૩૦૨) માં **તારીખ: ૨૧/૦૨/૨૦૨૨ ને સોમવાર** સુધીમાં પરત આપી જવાના રહેશે.

**નિયમો :-**

જે વિદ્યાર્થીઓના માતા-પિતાની કુલ વાર્ષિક આવક રૂ.૧,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તેવા વિદ્યાર્થીઓ સેલ્ફ ફાયનાન્સ સ્કોલરશીપ માટેની અરજી કરવા પાત્ર બને છે. (અન્ય કોઈપણ શિષ્યવૃતિ માટે અરજી કરી હોય તેવા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહી) આ સ્કોલરશીપ **મેરીટ કમ મીન્સના** ધોરણે આપવામાં આવશે.

**અરજીપત્રક સાથે નીચેના પ્રમાણપત્રો રજૂ કરવા :-**

(૧) તા:૦૧/૦૪/૨૦૧૯ પછીનું વિદ્યાર્થીઓના માતા-પિતા અને કુટુંબના અન્ય સભ્યોની મળીને કુલ આવક દર્શાવતું માત્ર મામલતદારશ્રી/ તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર.
**(આવકનું પ્રમાણપત્ર પિતાનું જ હોવુ જોઈએ. પિતા હયાત ન હોય તો તે અંગેનો ખૂલાસો)**

(૨) યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં પ્રથમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષાની પાંચમાં અને છઠ્ઠા સેમેસ્ટરની અને ત્રીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અનુસ્નાતક કક્ષાની પ્રથમ અને બીજા સેમેસ્ટરની પરીક્ષાની માર્કશીટની પ્રમાણિત નકલ.
(૩) વિદ્યાર્થીનું ચારિત્ર્ય અને પ્રગતિ અંગેનુ અનુસ્નાતક વિભાગના વડાશ્રીનું પ્રમાણપત્ર.
(૪) સંબધિત અભ્યાસક્રમની ફી ની રસીદ.
(૫) અન્ય કોઈ શિષ્યવૃતિ મેળવેલ નથી તે અંગેનું સોગંદનામું.
(૬) બેન્ક પાસબુક, આધાર કાર્ડની નકલ.
(૭) શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર.
(૮) વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઈઝનો ફોટો.

**નોંધ :-**

જે વિદ્યાર્થીઓને ઇ.બી.સી/ એસ.સી/ એસ.ટી/ બક્ષીપંચ શિષ્યવૃતિ/લઘુમતી (એટલે કે રાજય સરકાર તરફથી અન્ય પછાતવર્ગને અપાતી શિષ્યવૃતિ) મળવાપાત્ર હશે તેઓને આ ફી સ્ટુડન્ટશીપનો લાભ મળી શકશે નહી, તેથી તેવા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહી.

નંબર: એન/સેલ્ફ ફાયનાન્સ ફી સ્ટુડન્ટશીપ/૨૧-૨૨/6873
વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૦૭/૦૨/૨૦૨૨.

**નાયબ કુલસચિવ**

**નકલ રવાના :-**

(૧) વડાશ્રી, અનુસ્નાતક ................................ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ તેમના વિભાગના વિદ્યાર્થીઓને જાણ કરવા સારું તથા આ નોટીસ બોર્ડ ઉપર મુકવા સારું.
(૨) વડાશ્રી, સ્ટોર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જાણ અને કાર્યવાહી માટે.
(૩) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ યુનિવર્સિટી વેબ-સાઈટ પર મુકવા સારું.

**વિભાગો માટે જરૂરી સૂચના:**

૧. સેલ્ફ ફાયનાન્સ શિષ્યવૃતિની રકમ મેરીટ પ્રમાણે ચૂકવવાની રહેશે.
૨. વર્ષ ૨૦૨૧-૨૨ની જમા થયેલ કુલ ટ્યૂશન ફીના ૧૦% કે તેથી ઓછી રકમ માંથી શિષ્યવૃતિ ચૂકવવાની રહેશે.
૩. સેલ્ફ ફાયનાન્સ શિષ્યવૃતિની રકમ વધુમાં વધુ જે તે વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની સંખ્યાના ૧૦% કે તેથી ઓછા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ચૂકવવાની રહેશે.
૪. NC કે Fail થયેલ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મળવાપાત્ર નથી.